GJSK060005062025

# રે.દિ.મુ.નં.૦૮/૨૦૨૫

## :: આંક : ૫ ની મનાઈઅરજી લગત હુકમ ::

(૧) સદર કામના વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ તથા જાહેરાત મેળવવા કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, મોજે ગામ નેલાઉ, તા.વિજયનગરની સીમમાં આવેલ ખાતા નં.૧૯૫ (નવા સર્વે નં.૪૧) થી હે.આરે. ચો.મી. ૦–૨૦–૭૮ આકાર ૦.૦૦ થી તથા મોજે નેલાઉ, તા.વિજયનગરની સીમમાં આવેલ ખાતા નં.૧૯૮, નવા સર્વે નં.૪૭ થી હે.આરે. ચો. મી. ૦–૬૧–૬૪ આકાર ૦.૦૦ની જમીન વાદીઓની માલિકી, કબજે ભોગવટે આવેલાની ઠરાવવા તથા આ જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ હકક, હિત, હિસ્સો આવેલ નથી એવું ઠરાવવા તથા આ દાવાવાળી જમીનોમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના સગા–સબંધી, નોકરો, એજન્ટો, મળતીયા, માણસો દવારા પ્રવેશ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ વાદીઓના લાભમાં તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા દાદની માંગણી કરેલ છે.

વાદીઓએ દાવા અરજી સાથે હાલની અરજી આંક–૫ થી રજુ રાખી માંગણી કરેલ છે કે, દાવાવાળી જમીનોમાં આ કામના પ્રતિવાદીઓ કે તેમના વંશ, વાલી, વારસો, નોકરો, ચાકરો, મળતીયા, પાવર ઓફ એટર્ની હોલ્ડર, એસાઈનીયો પ્રવેશ કરે–કરાવે નહી કે વાદીઓને ખેતી કરતાં રોકે રોકાવે નહી કે દાવાવાળી જમીનના પાકનું ભેલાણ કરે કરાવે નહી કે નુકસાન કરે કરાવે નહી તેવો હાલનો દાવો ચાલતા દરમ્યાનનો કામ ચલાઉ મનાઈ હુકમ વાદીઓના લાભમાં તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા દાદની માંગણી કરેલ છે.

(૨) વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી નં.૨ થી ૬ તથા વાદી નં.૮ થી ૧૧ ના પિતા મર્હુમ દેવજી બદજી સોલંકીના પિતા થતા હતા. વાદી નં.૧/૧ થી વાદી નં.૧/૪ નાઓ તે મર્હુમ દેવજી બદજી સોલંકીના દિકરા મર્હુમ પનેસિંહ દેવીસિંહના વારસો છે તેમજ વાદી નં.૭/૧ થી ૭/૩ નાઓ મર્હુમ દેવજી બદજી સોલંકીના દિકરા, મર્હુમ વદનસિંહ દેવીસિંહના વારસો છે. આ કામના પ્રતિવાદી નં.૧ ના પ્રતિવાદી નં.૨, ૩નાઓ પુત્રો છે તથા પ્રતિવાદી નં.૪ તે પ્રતિવાદી નં.૨ની પત્નિ છે પ્રતિવાદી નં.૫ તે પ્ર તિવાદી નં.૩ની પત્નિ તથા પ્રતિવાદી નં.૬ તે પ્રતિવાદી નં.૨ ના પુત્ર છે. આમ આ તમામ પ્રતિવાદીઓ તે પ્રતિવાદી નં.૧ ના વારસો છે અને એક જ પરિવારના છે. મોજે ગામ નેલાઉ, વિજયનગરની સીમમાં આવેલ જુના સર્વે નં.૧૨૪ પૈકી જમીન પર સને ૧૯૭૧–૭૨ થી મર્હુમ દેવજી બદજીનાઓ કબજો કરી ખેતી કરતાં આવેલ વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના જ ાહેરનામા તથા મહેબાન કલેકટરશ્રી સાબરકાં ઠાના આદેશ અને મામલદારશ્રી વિજયનગરના આદેશ મુજબ સદર જુના સર્વે નં.૧૨૪ પૈકીમાંથી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૨૦–૨૩ ની જમીન નોંધ નં.૨૩૯, તા.૦૫/૦૨/૧૯૯૬ થી આપેલી. જે જુના સર્વે નં.૧૨૪ બ પૈકી ૮ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૨૦–૨૩ થી સોલંકી દેવજી બદજીના નામે દાખલ થયેલ. તેમજ મોજે ગામ– નેલાઉ, વિજયનગરની સીમમાં આવેલ જુના સર્વે નં.૧૨૪ પૈકી ની રક્ષિત જં ગલ ખાતે ચાલતી જમીન પર મર્હુમ દેવજી બદજીનાઓ કબજો કરી ખેતી કરતા આવેલ હોય વન અને પર્યાવરણ વિભાગના ઠરાવથી તા.૨૫/૧૦/૧૯૮૮ સુધીના ખેડાણો નિયમિત કરી આપવાની જોગવાઈ થતાં સદર જમીન ફોરેસ્ટ ખાતેથી કમી કરી મે.કલેકટર સાહેબ સાબરકાંઠા હિંમતનગરનાઓ દવારા તેઓના હુકમના આધારે નોંધ નં.૨૬૬, તા.૦૧/૦૪/૨૦૦૨ થી જુના સર્વે નં.૧૨૪ પૈકીમાંથી ક્ષેત્રફળ આરે.ચો.મી. ૦–૬૦–૦૦ની જમીન કાપ થયેલી. સદરહુ જમીનમાં મર્હુમ દેવજી બદજી તથા વાદીઓ ખેતી કરતાં આવેલા અને રેવન્યુ રેકર્ડે પ્રમોલગેશન થતાં જુના સર્વે નં.૧૨૪ બ પૈકી ૮ નો ખાતા નં.૧૯૫ નવો સર્વે નં.૪૧, હે.આરે.ચો.મી ૦–૨૦–૭૮ ની થયેલ તેમજ

જુના સર્વે નં.૧૨૪ બ પૈકી ૧૧ નો ખાતા નં.૧૯૮ નવો સર્વે નં.૪૭ હે.આરે.ચો.મી. ૦–૬૧–૬૪ થયેલ. સદરહુ જમીન નોંધ નં.૪૮૧ તથા ૪૮૨ થી વાદીઓના નામો વારસાઈ હકકે દાખલ થયેલા અને વાદીઓ સંયુકત માલિકી, કબજે ભોગવટે ખેતી કરતાં આવેલ છે. વાદીઓની માલિકી કબજા ભોગવટા વાળી નવા સર્વે નં.૪૧ વાળી જમીનની દક્ષિણે થોડા દુર આ કામના પ્રતિવાદી નં.૧નું મકાન ઉંચાઈ પર આવેલ છેતેમાં પ્રતિ વાદીઓ રહે છે. સદર મકાન છોડી દક્ષિણે પ્રતિવાદી નં.૧ની જમીન આવેલ છે.જેમાં પ્રતિ વાદીઓ ખેતી કરે છે. વાદીઓ તેઓની માલીકી કબજાની દાવાવાળી જમીનથી દુર રહે છે.છેલ્લા ૨ વર્ષથી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીન પાસે પરીવાર સાથે રહેતાં હોય અવાર–નવાર દાવાવાળી જમીનો નવા સર્વે નં.૪૧ તથા ૪૭માં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ભેલાણ કરી, ઉભા પાકને નુકસાન કરતાં આવેલ છે. વાદીઓ સદર દાવાવાળી જમીનમાં પગદંડી રસ્તે પ્રતિવાદી નં.૧ની જમીન પાસેથી આવે તો વાદીઓને અવાર–નવાર રોકવાની કોશીશ કરતાં રહેલ છે તેથી વાદીઓને ખેતી કામ સારૂ લાંબા રોડના રસ્તે આવવું પડે છે તે રીતે પ્રતિવાદીઓની કનડગત ચાલુ રહેલ. વાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરવા જતાં અવાર–નવાર રોકવાની કોશિશ કરતાં રહેલા અને વાદીઓને તેવું જણાવતા હતા કે તમારી કોઈ જમીન નથી કેમ આવો છો. કેમ ખેતી કરો છો. તેવું જણાવી ધમકીઓ આપતા રહેલા. જેથી વાદીઓ એકલા ખેતી કરવા જઈ શકતા નહી. ગઈ તા.૦૪/૦૯/૨૦૨૨ ના રોજ વાદી નં.૪, ૧૧ તથા વાદી નં.૧૧ના પુત્ર સાગરસિંહ સદર દાવાવાળી જમીનમાં બાજરીનું વાવેતર કરેલ હોય જોવા ગયેલા ત્યારે આ કામના પ્રતિવાદી નં.૧, ૩ તથા ૪ નાએ વાદીઓ સાથે તકરાર કરી મા–બેન સામી ભૂંડી ગાળો બોલી જમીનમાં કેમ આવો છો, અહીં આવવું નહી આ જમીન અમારી છે, પ્રવેશ કરવો નહી તેમ જણાવી ધમકી આપેલ કે હવે પછી અહીં આવશો તો જાનથી પતાવી તેવી જાશાની ધમકીઓ આપેલી. આ બનાવ બાબતે વાદી નં.૧૧ નાએ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. પ્રતિવાદીઓનો ઈરાદો સદર દાવાવાળી જમીનો પચાવી પાડવા સારૂ અંદર સુધી ખેડાણ કરવાની તજવીજ કરવાના પ્રયત્નો ચાલુ કરેલા

હોય સદર જમીન જંગલમાંથી કમી થઈ વાદીઓને પ્રાપ્ત થયેલ હોય અને ટેકરીઓ વાળી હોય જેથી ભૌગોલિક સ્થિતિનો લાભ લઈ પ્રતિવાદીઓએ તેમની જમીનની હદ વધારવા સારૂ દાવાવાળી જમીનોમાં દક્ષિણે આવેલ ડુંગરીઓ ઉપર અતિક્રમણ કરવાના પ્રયત્નો ચાલુ કરેલા છે. અગાઉ પણ ઓકટોબર–ર૩માં પ્રતિવાદીએ પાકને નુકસાન પહોંચાડેલ અને સદર જમીનો છોડી જતાં રહેવાની ધમકીઓ આપેલ. જેથી વાદીઓએ પ્રતિ વાદીઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં કાયમી મનાઈ હુકમ તથા જાહેરાત સારૂ રે.દિ.મુ.નં.૪/ર૪નો દાવો દાખલ કરેલો. સદર દાવાના કામે વાદીઓ રેવન્યુ રેકર્ડથી અજાણ હોય, તે મેળવી શકેલ ન હોય, ટેકનીકલ ખામીના કારણે દાવામાં સફળતા મળી શકે તેમ ન હોય વાદીઓએ દાવો દાખલ કરવાની શરતે રે.દિ.મુ. નં.૪/ ર૪નો દાવો વિડ્રો કરેલો. હાલ પણ આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં પ્રવેશ કરવા દેતાં નથી અને એક યા બીજા કારણસર વાદીઓને હેરાન પરેશાન કરતાં હોય અને આ કામના પ્રતિવાદીઓ નજીકમાં રહેતા હોય, ઉશ્કેરાઈ જઈ, વાદીઓને ધમકી આપતાં હોય અને વાદીઓનો દાવાવાળી જમીન પડાવી લેવાના પ્રયત્નો કરી રહેલ હોય, વાદીઓએ હાલનો દાવો દાખલ કરેલ છે.

(૩) પ્રતિવાદીઓને દાવાના કામે સમન્સ/નોટિસની બજવણી જતાં તેઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને આંક–ર૬ થી વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજી વિરૂધ્ધ લેખિત જવાબ રજુ રાખી વાદીઓની દાવા અરજીની તથા મનાઈ અરજીની મહંદઅંશે તમામ હકીકતોનો ઈનકાર કરી જણાવેલ છે કે, મોજે નેલાઉ ગામની સીમના નવીન બ્લોક/સર્વે નં.૩૩, જુના સર્વે નં.૩ર પૈકી ૧ ખાતા નં.૧૭૧ ની ૧–૬૧–૮૭ આરે.ચો.મી. વાળી જમીન પ્રતિવાદી નં.૧ની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની છે. સદર દાવાના કામે પ્રતિવાદી નં.ર થી ૬ નાઓ સદર જમીનના રેવન્યુ રેકર્ડે નામો આવેલ ન હોવા છતાં સદર દાવા અરજી તથા મનાઈ અરજીમાં તેઓને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે. નેલાઉ ગામની સીમમાં નવીન બ્લોક/સર્વે નં.પ૭ જેનો જુનો સર્વે નં.૧ર૪/બ/૧ વાળી જમીન રક્ષિત જંગલની આવેલ હોય, જેની માલીકી

ફોરેસ્ટ ખાતાના તાબા નીચે આવતી હોય, બ્લોક/સર્વે નં.૪૧ નું ક્ષેત્રફળ ૦–૨૦–૭૮ હે.આરે.ચો.મી.નું ૭/૧૨ મુજબનો આવેલ છે અને સર્વે નં.૪૭ વાળી જમીનનું ક્ષેત્રફળ ૦–૬૧–૬૪ હે.આરે.ચો.મી.નું ૭/૧૨ મુજબનું આવેલ છે. તેમ છતાં વાદીઓએ દાવા અરજીમાં ખોટું ક્ષેત્રફળ જણાવેલ છે અને રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ જણાવેલ નથી.વાદીના કબજામાં ખરેખર કેટલી જમીન આવે છે તે વાદીએ સ્પષ્ટપણે જણાવેલ નથી. આ કામે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો વાદીને આવી કોઈ જમીન ફોરેસ્ટ ખાતા તરફથી ફાળવેલ હોવાનું જણાઈ આવતું નથી. વાદીઓની દાવાવાળી જમીન ૭૩–૧૧ નવી અને અવિભાજય સરતની આવેલ હોવાનું જણાઈ આવે છે અને વાદીઓનો કોઈ માલિકી હકક લાગતો નથી અને તેઓના ૭/૧૨માં નામ પણ આવેલ ન હોય ખોટા માલિકી હકકો ઉભા કરેલ છે અને પ્રતિ વાદીઓએ વાદીની જમીનમાં દબાણ કરેલ હોવાની હકીકત ખોટી રીતે ઉભી કરી પ્રતિ વાદીઓ વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરવામાં આવેલ છે. જો આવી કોઈ રક્ષિત જંગલની જમીનમાં પ્રતિવાદીઓએ કોઈ દબાણ કરેલ હોય તો ફોરેસ્ટ ખાતાને દાવા અરજી તથા મનાઈ અરજીના કામે પક્ષકાર તરીકે જોડવા જોઈએ પરંતુ તેઓને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી. આ બાબતે કોઈ રસ્તાની તકરાર હોય તો વાદીએ ફોરેસ્ટ ખાતાને જાણ કરવી જોઈએ. પ્રતિવાદીઓએ રસ્તા ઉપર કોઈપણ જાતની રોકટોક કરેલ નથી કે કોઈ દબાણ વાદીની જમીનમાં કરેલ નથી કે રસ્તો બંધ કરેલ નથી કે ફોરેસ્ટ ખાતા તરફથીપ્રતિ વાદીને કહેવાતા દબાણ બાબતે કોઈ જાણ કરવામાં આવેલ નથી. આ કામના વાદી દવારા અગાઉ દાખલ કરેલ દાવા અરજીમાં પ્રતિવાદીએ વાદીની જમીનમાં દબાણ કરેલાની હકીકત જણાવેલ. જયારે હાલના દાવાના કામે પ્રતિવાદીઓએ વાદીને તેઓની ખેતીની જમીનમાં જતાં આવતા રોકતા હોવાની હકીકત જણાવી દાવો દાખલ કરેલ છે. આ કામે વાદીએ સરકારશ્રી દવારા જમીન ફાળવી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. પ્રતિવાદીની માલીકીની સર્વે નં.૩૩ને અડીને આવેલ સર્વે નં.૧૨૪ પૈકીની રક્ષિત જંગલ વાળી જમીનમાં ૧૫ એકર જેટલી જમીન પ્રતિવાદી નં.૧ના પુત્રો છેલ્લા ૩૦ વર્ષથી

વાવેતર કરે છે અને ચાલુ સિઝનમાં રાયડાનું વાવેતર કરેલ છે અને પ્રતિવાદીઓ દવારા સદર જમીન ફાળવી આપવા માંગણી કરતી અરજીઓ લાગતા–વળગા અધિકારીઓને કરેલ છે અને સદર અરજીઓ પેન્ડીંગ હોય ફોરેસ્ટ ખાતા દવારા કોઈ કાર્યવાહી ના કરતાં તા.૦૧/૦૩/૨૦૨૫ના રોજ અરજી આપેલી. ત્યાર બાદ ફરીથી પ્રતિ વાદી દવારા માંગણી વાળી અરજી ૨૦૦૮ની પેન્ડીંગ હોય તા.૦૧/૦૪/૨૦૨૫ના રોજ ફરીથી વન અને પર્યાવરણ ખાતાને લેખિતમાં જાણ કરેલી. આમ સદર ૧૫ એકર જમીનનો કબજો પ્રતિવાદીઓ પાસે આવેલ છે. જો આ કામના વાદીને ખેતીના કામે રસ્તાની તકરાર હોય તો ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટને દાવાના કામે જોડેલા નથી અને આવા રસ્તા બાબતેની કોઈ અરજી ફોરેસ્ટ ખાતાને આપેલ હોવાની હકીકત જણાવેલ નથી. આ કામના વાદીની જમીનો માલીકી હકકે આવેલ હોય અને રસ્તા બાબતની તકરાર હોય તો મામલતદાર કોર્ટ એકટ મુજબ કાર્યવાહી કરવાની થાય પરંતુ આવી કોઈ અરજી વાદીએ કરેલ નથી અને હાલનો દાવો કરેલ હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) વાદીઓ તથા પ્રતિવાદીઓ પક્ષ તરફે હાલના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

<u>વાદીપક્ષના દસ્તાવેજી પુરાવાઓ</u>

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | ખાતા નં.૧૯૫ ના નમૂના નં.૮–અ ની નકલ. | ૪/૧ |
| ૨ | નવા સર્વે નં.૪૧ ના નમુના નં.૭/૧૨ ની નકલ. | ૪/૨ |
| ૩ | ખાતા નં.૧૯૮ ના નમૂના નં.૮–અ ની નકલ. | ૪/૩ |
| ૪ | નવા સર્વે નં.૪૭ ના નમૂના નં.૭/૧૨ ની નકલ. | ૪/૪ |
| ૫ | નોંધ નં.૬૬ ની નકલ. | ૪/૫ |
| ૬ | નોંધ નં.૭૯ ની નકલ. | ૪/૬ |
| ૭ | નોંધ નં.૮૧ ની નકલ. | ૪/૭ |
| ૮ | નોંધ નં.૨૦૮ ની નકલ. | ૪/૮ |

| | | |
|---|---|---|
| ૯ | નોંધ નં.૨૩૯ ની નકલ. | ૪/૯ |
| ૧૦ | નોંધ નં.૨૬૬ની નકલ. | ૪/૧૦ |
| ૧૧ | નોંધ નં.૨૭૨ ની નકલ. | ૪/૧૧ |
| ૧૨ | નોંધ નં.૩૦૩ની નકલ. | ૪/૧૨ |
| ૧૩ | નોંધ નં.૩૦૪ની નકલ. | ૪/૧૩ |
| ૧૪ | નોંધ નં.૩૦૭ની નકલ. | ૪/૧૪ |
| ૧૫ | નોંધ નં.૪૮૧ની નકલ. | ૪/૧૫ |
| ૧૬ | નોંધ નં.૪૮૨ની નકલ. | ૪/૧૬ |
| ૧૭ | વિજયનગર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૯૦૫૫૨૨ ૦૪૮૫/૨૦૨૨ ની એફ.આઈ.આર.ની નકલ. | ૪/૧૭ |

<u>પ્રતિવાદીપક્ષના દસ્તાવેજી પુરાવાઓ</u>

| **અ.નં.** | **વિગત** | **નિશાની** |
|---|---|---|
| ૧ | સર્વે નં.૩૩ ના પ્રતિવાદી નં.૭ ની નકલ. | ૨૨/૧ |
| ૨ | પ્રતિવાદીના નમૂના ૧૨ ની નકલ. | ૨૨/૨ |
| ૩ | પ્રતિવાદીના ૮ –અની નકલ. | ૨૨/૩ |
| ૪ | સર્વે નં.૫૭ જુના સર્વે નં.૧૨૪ બી ફોરેસ્ટનો ઉતારો ૭ ની નકલ. | ૨૨/૪ |
| ૫ | ફોરેસ્ટના ઉતારો ૧૨ ની નકલ . | ૨૨/૫ |
| ૬ | ખાતા નં.૨૧૯ ના ઉતારાની નકલ. | ૨૨/૬ |
| ૭ | વન અધિકારીની પાવતીની નકલ. | ૨૨/૭ |
| ૮ | વન અધિકારીની પાવતી નકલ. | ૨૨/૮ |
| ૯ | વન અધિકારીની પાવતી નકલ. | ૨૨/૯ |
| ૧૦ | ફાળવેલ જમીનના લીસ્ટની નકલ. | ૨૨/૧૦ |
| ૧૧ | પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ. | ૨૨/૧૧ |
| ૧૨ | પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ. | ૨૨/૧૨ |
| ૧૩ | પ્રતિવાદીના સર્વે નં.૩૩ નો ગા.ન.નં.૭ ની નકલ. | ૨૭/૦૧ |
| ૧૪ | પ્રતિવાદીના સર્વે નં.૩૩ નો ગા.ન.નં.૧૨ ની નકલ. | ૨૭/૦૨ |

| | | |
|---|---|---|
| ૧૫ | પ્રતિવાદીના સર્વે નં.૧૭૧ના ૮–અની નકલ. | ૨૭/૦૩ |
| ૧૬ | નેલાઉના સ.નં.૫૭ ના ગા.ન.નં.૭ ની નકલ. | ૨૭/૦૪ |
| ૧૭ | નેલાઉના સ.નં.૫૭ ના ગા.ન.નં.૧૨ ની નકલ. | ૨૭/૦૫ |
| ૧૮ | નેલાઉના રેવન્યુ ખાતા નં.૨૧૯ની નકલ. | ૨૭/૦૬ |
| ૧૯ | વન અધિકારીની પાવતીની નકલ. | ૨૭/૦૭ |
| ૨૦ | વન અધિકારીની પાવતીની નકલ. | ૨૭/૦૮ |
| ૨૧ | વન અધિકારીની પાવતીની નકલ. | ૨૭/૦૯ |
| ૨૨ | ફાળવેલ જમીનના લેખની નકલ. | ૨૭/૧૦ |
| ૨૩ | પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ. | ૨૭/૧૧ |
| ૨૪ | પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ. | ૨૭/૧૨ |

(૫) વાદીઓ તરફે તેઓના વિ.વ.શ્રી એચ.એ. મકરાણીએ મૌખિક દલીલો કરી જણાવેલ છે કે,પ્રતિવાદીઓ વાદીની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ દાવાવાળી જમીનના પાકને નુકસાન કરતાં હોય તથા દાવાવાળી જમીનમાં ભેલાણ કરી, દાવાવાળી જમીનમાં દબાણ કરવાનો તથા વાદીઓની દાવાવાળી જમીનમાં અવર–જવર કરતાં રોકટોક કરતાં હોય વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ હોય તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના દાદમાં હોય વાદીઓની મનાઈ અરજી મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

પ્રતિવાદીઓ તરફે આંક–૨૯ થી વિ.વ.શ્રી કે. ડી. પરમાર દવારા લેખિત દલિલો રજુ રાખેલ છે. જેમાં તેઓએ પોતાના લેખિત જવાબની મહંદઅંશે હકીકતોનું પુનરાવર્તન કરેલ હોય જેની અત્રે વિગતવાર ચર્ચા કરેલ નથી.

(૬) પક્ષકારો તરફે રજુ થયેલ પક્ષનિવેદનો, લેખિત દસ્તાવેજો તથા દલીલો ધ્યાને લીધેલ છે.

(૭) વચગાળાનો મનાઈ હુકમ એ સમન્યાયી દાદ છે. વચગાળાનો મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવો પડે તથા સગવડતા તથા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે તે પુરવાર કરવું પડે તથા જો વાદીઓને મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીઓને નાણામાં ભરપાઈ ના થઈ

શકે તેવું નુકસાન જશે તે હકીકત પુરવાર કરવી પડે,મનાઈ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છૂપાવ્યા વગર સ્વચ્છ હાથે આવવું જોઈએ. સદરહુ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલની અરજી એ પરીપેક્ષ્યમાં કેટલા અંશે આવે છે તે જોઈશું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ તબકકે આ કોર્ટ દવારા માત્ર દરમ્યાન કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઈ રહયા હોય ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલત નામ. સર્વોચ્ચ અદાલતે Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Application No. 2968 of 2012 નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ મનાઈ હુકમ અંગેની અરજી અંગે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ પ્રથમ દર્શનીય કેસ, નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન અને સગવડતા–અગવડતાના પૈડા ઉપર નિર્ણય કરવાનો રહે છે. આ ત્રણ મર્યાદીત મુદ્દાઓ કોર્ટ દવારા આ અરજીના નિર્ણય માટે ચકાસવા પડે તેમ છે.

(૮) હવે દાવો લાવનાર વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ તે ચકાસીએ તો, વાદીઓએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી જમીનો તેઓના મર્હુમ વડીલ દેવજી બદજીનાઓને સરકારશ્રી દવારા ફોરેસ્ટ ખાતેથી કમી કરી મહે. કલેકટર સાહેબશ્રી સાબરકાંઠા દવારા તેઓના હુકમના આધારે તથા પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાના આધારે ફાળવવામાં આવેલ હતી અને ત્યાર બાદ દેવજી બદાજી સોલંકીનાઓનું મરણ થતાં વારસદાર તરીકે વાદીઓના નામો દાખલ થયેલા. જે સંદર્ભે રજુ નિ.૪/૯ વાળો દસ્તાવેજ ગામ નમૂના નં. ૬ હકક પત્રકની નોંધ વંચાણે લેતાં સદરહું દસ્તાવેજ નોંધ નં.૨૩૯ જણાઈ આવે છે જેમાં દેવજી બદાજીનાઓને સર્વે નં.૧૨૪ પૈકીમાંથી સરકારશ્રી દવારા જમીનની ફાળવણી થયેલાનું જણાઈ આવે છે તેવી જ રીતે નિ.૪/૧૦ વાળો દસ્તાવેજ કે જે ગામ નમૂના હકક પત્રક નોંધ નં.૬ છે તે દસ્તાવેજ વંચાણે લેતાં નોંધ નં.૨૬૬ થી ચૌહાણ દેવજી બદાજીનાઓને સર્વે નં.૧૨૪ પૈકીમાંથી જમીન ફાળવણી થયેલ હોવાનું જણાઈ આવે છે. તેવી જ રીતે નિ.૪/૨ તથા નિ.૪/૧ વાળો દસ્તાવેજ કે ગા.ન.૭–૧૨ તથા ૮–અના

ઉતારા છે તે વંચાણે લેતાં મોજે નેલાઉના સર્વે નં.૪૧ વાળી જમીનોમાં વાદીઓના નામો દાખલ થયેલાનું જણાઈ આવે છે તથા નિ.૪/૩ તથા નિ.૪/૪ વાળા દસ્તાવેજો વંચાણે લેતાં જે ગામ નમૂના નં.૧૨ તથા ૮–અના ઉતારા છે તે મુજબ નેલાઉના સર્વે નં.૪૭ વાળી જમીનમાં વાદીઓના નામો દાખલ થયેલાનું જણાઈ આવે છે. પ્રતિવાદીઓ તરફે એવો કોઈ પ્રથમ દર્શનીય દસ્તાવેજ રજુ રાખવામાં આવેલ નથી જેનાથી એ હકીકત જણાઈ આવે કે, દાવાવાળી જમીનોમાં પ્રતિવાદીઓનો કોઈ હકક હિત હિસ્સો સમાયેલો હોય. તેવી જ રીતે નિ.૪/૧૭ વાળો દસ્તાવેજ કે જે એફ.આઈ.આર. છે તે વંચાણે લેતાં વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે જમીન બાબતે તકરાર થયેલાની હકીકત પણ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. પ્રતિવાદીઓ તરફે રજુઆત છે કે, તેઓ દવારા સર્વે નં.૧ ૨૪ પૈકીની રક્ષિત જંગલવાળી જમીનની માંગણી કરતી અરજીઓ કરવામાં આવેલ હતી અને જે અરજીઓ પેન્ડીંગ હોય અને ફોરેસ્ટ ખાતા દવારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય જેથી તેઓ દવારા ફરીથી સને–૨૦૨૫માં લેખિત જાણ કરવામાં આવેલ છે. સદર કામે પ્રતિવાદીઓ દવારા જે જમીનની માંગણી કરવામાં આવેલ છે તે જમીન સર્વે નં.૧૨૪ પૈકીની જમીન કે જે ખુબ જ મોટી છે તેમાંથી માંગણી કરવામાં આવેલ છે. સદરહું જમીન વાદીઓને ફાળવવામાં આવેલ જમીન છે તેવું કયાંય જણાઈ આવતું નથી. આમ, દાવાવાળી જમીનો વાદીઓની માલીકી કબજા ભોગવટાવાળી હોવાની હકીકત પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે અને દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજા હકક હોવાની હકીકત પણ પ્રથમ દર્શનીય જણાઈ આવે છે અને દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ હકક હિત અને હિસ્સો હોય તેવું જણાઈ આવતું ન હોય વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ માનવા પાત્ર જણાઈ આવે છે.

(૯) વધુમાં અન્ય બે મુદ્દાઓ ઉપર ચર્ચા કરીએ તો, વાદીઓની દાવા અરજીની હકીકત મુજબ જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ના આપવામાં આવે તો પ્રતિ વાદીઓ વાદીઓના કબજામાં આવેલી જમીનોમાં ગેરકાયદેસર રીતે દબાણ કરે તેવી પૂરેપુરી શકયતા રહેલ હોય તથા વાદીઓના દિવાની હકકોને નુકસાન જાય તેમ હોય અને

જો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં વાદીઓને અવર–જવર કરતાં અવરોધ અટકાયત કરે તો તે સંજોગોમાં મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીન્ગ્સ થાય તે શકયતા નકારી શકાય તેમ ન હોય, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા સગવડતા અગવડતાનું પૈડું પણ વાદીઓની તરફેણમાં જણાઈ આવે છે. આમ, સમન્યાયની દાદ મેળવવાના તમામ તત્વો વાદીઓની તરફેણમાં જણાઈ આવતા હોય વાદીઓની હાલની અરજી મંજૂર થવા પાત્ર જણાઈ આવે છે.

(૧૦). ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમન્યાયી દાદ મેળવવાના તમામ તત્વો વાદીઓની તરફેણમાં હોઈ અને દાવાવાળી મિલ્કતમાં સચવાયેલ પક્ષકારોના હિતોનું રક્ષણ કરવું જરુરી હોઈ, વાદીઓની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી હોઈ, વાદીઓની હાલની અરજી પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

૧). વાદીઓની હાલની આંક–૫ ની અરજી આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨). પ્રતિવાદીઓએ દાવાનો આખરી નિકાલ થાય ત્યાં સુધી દાવાવાળી મિલ્કતમાં પ્રવેશ કરવો, કરાવવો નહીં કે દાવાવાળી જમીનમાં વાદીઓને ખેતી કરતાં રોકવા નહી કે દાવાવાળી જમીનમાં પાકનું ભેલાણ કરવું કરાવવું નહી કે નુકસાન કરવું કરાવવું નહી તેવો દાવો ચાલતાં સુધીનો વાદીઓની તરફેણમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

૩). ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ : ૨૦મી, માહે : એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૦/૦૪/૨૦૨૬
મુ.વિજયનગર

**(મોહમદ સરફરાઝ અબ્દુલકાદર શેખ)**
પ્રિન્સિપાલ સીવીલ જજ, વિજયનગર
(જજ કોડ નં. જીજે૦૧૬૨૮)

//A.A.P.//